મીઠી ખાડીના પાણીમાંથી લારીનું રેસ્ક્યુ

સુરત-કડોદરા રોડને બંધ કરનાર સારોલી ખાડી

ડુમસ સી-ફેસને બંધ કરી દેવાયો

ડુમસ રોડ પર પણ વરસાદના પાણી ભરાઈ ગયા

સરથાણા, વ્રજચોક પાણીમાં

સુરત-કડોદરા રોડ પાણીમાં ગરકાવ થયો

(તસવીરો : સતીષ જાદવ)

મગોબમાં ખાડીપૂરના પાણી ફરી વળતા રસ્તાઓ પર 4થી 5 ફૂટ પાણી ભરાયા

મગોબ વિસ્તાર ખાડીપૂરના કારણે સૌથી વધુ આફતગ્રસ્ત બન્યો છે, જ્યાં માર્ગો પર આશરે 4 થી 5 ફૂટ જેટલાં પૂરના પાણી ફરી વળ્યાં છે. સ્થાનિક પેટ્રોલ પંપ તેમજ કાપડ માર્કેટના મુખ્ય દરવાજા સુધી 3 થી 4 ફૂટ પાણી ભરાતાં વેપાર-રોજગાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયા છે. પરિસ્થિતિ વણસતાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે મગોબમાં રેસ્ક્યુ બોટ તેનાત કરવામાં આવી છે, જેથી કટોકટીના સમયે સ્થાનિકોને રાહત પહોંચાડી શકાય.

ભેદવાડ ખાડી ઓવરફ્લો થતા ત્રીજા દિવસે પણ લક્ષ્મી એપાર્ટમેન્ટમા બાળકોને ટ્રેક્ટરમાં રેસ્ક્યુ કરાયા

ભેદવાડ ખાડી અને સીમાડા ખાડી ભયજનક સપાટી વટાવીને ઓવરફ્લો થઈ છે. ખાડીના પાણી આસપાસની વસાહતોમાં ફરી વળતાં ભારે હોનારત જેવો માહોલ સર્જાયો છે. ભેદવાડ ખાડીના પાણી લક્ષ્મી એપાર્ટમેન્ટની ચારેય તરફ ઘૂંટણસમા ભરાઈ જતાં રહીશો ઘરોમાં કેદ થવા મજબૂર બન્યા છે. શાળાએ જતાં નાના બાળકો પાણીમાં ફસાયા હોવાથી તેમને સુરક્ષિત સ્થળે પહોંચાડવા માટે ટ્રેક્ટરની મદદ લેવી પડી હતી. નોંધનીય છેકે,દર વર્ષે ચોમાસામાં સર્જાતી આ જળબંબાકારની વિકટ સમસ્યા અને પાલિકા તંત્રની બેદરકારીને લઈને સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

સતત બીજા દિવસે શહેરીબસ સેવા ખોડંગાઈ, અનેક રૂટ બંધ રહ્યા

શહેરમાં ભારે વરસાદ અને ખાડીપૂરની સ્થિતી વચ્ચે સતત બીજા દિવસે પણ મનપાની સિટીલિંક સંચાલિત માસટ્રાન્સપોર્ટેશનની બસ સેવા અસરગ્રસ્ત રહી હતી. ગૂરૂવારે બીઆરટીએસના ચાર અને સિટી બસના 2 રૂટ પર બસ સદંતર બંધ રહેતા ભારે વરસાદ વચ્ચે પણ કામધંધે જવા નિકળેલા લોકો અટવાયા હતા.

ન્યુ કતારગામ વિસ્તારમાં નદી વહેતા હોય તેવા દૃશ્યો સર્જાયા

છાપરાભાઠાના ન્યૂ કતારગામ વિસ્તારમાં પણ રસ્તા પર એટલો ભારે પાણીનો ભરાવો થયો હતો કે જાણે નદી વહેતી હોય તેવા દૃશ્યો સર્જાયા હતા. લોકો માટે ચાલીને પસાર થવું પણ મુશ્કેલ બની ગયું હતું. અનેક સ્થળોએ વરસાદી પાણી અને ગટરનું પાણી એકસાથે ભરાતાં દુર્ગંધ અને ગંદકીની સમસ્યા પણ ઊભી થઈ હતી. વરસાદ અને ખાડીના પૂરની સંયુક્ત અસરથી શહેરના અનેક વિસ્તારોમાં દુકાનો અને મકાનોમાં પાણી ઘૂસી જતાં વેપારીઓ અને રહેવાસીઓને ભારે નુકસાનની ભીતિ સતાવી રહી છે.

સીમાડા-ભેદવાડ ખાડી ફરી છલકાતાં ફરી પૂર

બંને ખાડી ઓવરફ્લો થવાથી અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ; 2,244 લોકોનું સ્થળાંતર

કાપડ બજાર બંધ અને મેગા ટ્રાફિક ડાયવર્ઝનથી જનજીવન ઠપ

સુરતઃ એક તરફ સુરત જિલ્લામાં પડેલા ભારે વરસાદને પગલે ઉભરાયેલી ખાડી અને બીજી તરફ સુરતમાં પણ ચાર કલાકમાં પડેલા ચાર ઈંચ વરસાદને કારણે શહેરમાંથી પસાર થતી ખાડીઓ છલોછલ વહેવા લાગી હતી. ખાડીઓમાં આવેલા બેક વોટરના કારણે વરસાદી પાણીનો નિકાલ અટકી જતાં અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ ઊભી થઈ હતી અને સામાન્ય જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બની ગયું હતું.

ભારે વરસાદ વચ્ચે શહેરની ભેદવાડ અને સીમાડા ખાડી સવારથી જ ભયજનક સપાટી વટાવીને ઓવરફ્લો થઈ ગઈ હતી, જ્યારે અન્ય ત્રણેય ખાડીઓ પણ જોખમી સપાટીની નજીક પહોંચી ગઈ હતી. ખાડીઓ ઓવરફ્લો થતાં આસપાસની સોસાયટીઓ, રસ્તાઓ અને સંપર્ક માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. અનેક ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી જતાં મિલકતને નુકસાનની ભીતિ ઊભી થઈ હતી. પાણી ભરાવાની સ્થિતિને કારણે શહેરના અનેક મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. ટ્રાફિક પોલીસને મેગા ટ્રાફિક ડાયવર્ઝન જાહેર કરવાની ફરજ પડી હતી, જ્યારે સુરતની કાપડ માર્કેટ પણ બંધ રાખવામાં આવી હતી. શહેરના અનેક વિસ્તારોમાં લોકો ઘર અને દુકાનોમાં જ અટવાઈ ગયા હતા, જ્યારે વહીવટી તંત્ર, ફાયર વિભાગ અને મનપાની ટીમો બચાવ અને રાહત કામગીરીમાં સતત વ્યસ્ત રહી હતી. સીમાડા ખાડી છલકાવાને કારણે સારોલી-કુંભારીયાનો આખો રસ્તો પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યો હતો. જ્યારે ભેદવાડ ખાડી છલકાવાને કારણે ઉધના મેઈનરોડની સાથે સાથે પાંડેસરા અને બમરોલી રોડ પર પાણી ભરાઈ જવા પામ્યા હતા.

દરિયામાં બે દિવસ મોટી ભરતી હોવાથી બે દિવસ ખાડીપૂર સુરતને મથાવશે

એક તરફ ઉપરવાસમાં વરસાદ અને બીજી તરફ આગામી બે દિવસ દરિયામાં મોટી ભરતી હોવાને કારણે આગામી બે દિવસ સુરતમાં ખાડીપૂર માટે ભારે રહેશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં સુરતમાં ખાડીઓ ઉભરાયેલી છે અને આ ખાડીના પાણી ભેગા થઈને મિંઢોળા નદીમાં ભેગા થાય છે. મિંઢોળા નદીનું પાણી દરિયામાં ભેગું થાય છે. જો દરિયામાં મોટી ભરતી આવશે તો તે મિંઢોળા નદીનું પાણી લેશે નહીં. જેને કારણે ખાડીના પાણી ઉતરે તેવી સંભાવના ઓછી થઈ જાય છે. ઉપરાંત આવતીકાલે પણ ભારે વરસાદનું રેડ એલર્ટ હોવાથી ખાડીના પાણી બે દિવસ હજુ સુરતને તકલીફ આપશે તેવું મનાઈ રહ્યું છે.

ખાડીના લેવલ (ગુરુવારે રાત્રે 8 વાગ્યે)

ખાડી	લેવલ (મીટરમાં)	ભયજનક
કાંકરા	6.60	8.48 મીટર
ભેદવાડ	7.40	7.20 મીટર
મીઠી	8.95	7.20 મીટર
ભાઠેના	6.55	8.25 મીટર
સીમાડા	4.85	4.50 મીટર

રાત્રે બેથી ચાર વાગ્યા સુધીમાં બે ઈંચ વરસાદથી સુરતમાં ફરી પાણી ભરાયા

સુરત શહેરમાં છેલ્લા 18 કલાક દરમિયાન ચારથી આઠ ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો. મધરાત્રિ બાદના ચાર કલાકમાં શહેરના મોટાભાગના ઝોનમાં ત્રણથી ચાર ઈંચ વરસાદ પડ્યો હતો, જ્યારે દિવસ દરમિયાન પણ સતત વરસાદ ચાલુ રહેતાં કુલ વરસાદમાં નોંધપાત્ર વધારો થયો હતો. સરથાણા અને વરાછા ઝોનમાં સૌથી વધુ અંદાજે આઠ ઈંચ વરસાદ નોંધાયો હતો. ઉપરાંત સેન્ટ્રલ ઝોનમાં 174 મીમી, રાંદેર ઝોનમાં 176 મીમી, કતારગામ ઝોનમાં 165 મીમી, લિંબાયત ઝોનમાં 152 મીમી, અઠવા ઝોનમાં 130 મીમી અને ઉધના ઝોનમાં સૌથી ઓછો 115 મીમી વરસાદ નોંધાયો હતો.

બુધવારે રાત્રે 8 થી ગુરુવારે રાત્રે 8 સુધીનો વરસાદ

ઝોન	વરસાદ (મીમીમાં)	(ઈંચમાં)
સેન્ટ્રલ	174	7
રાંદેર	176	7
કતારગામ	165	6.5
વરાછા-એ	196	8
વરાછા-બી	205	8
લિંબાયત	152	6
અઠવા	130	5
ઉધના	115	4.5

પર્વતના કુંભેશ્વર મહાદેવ મંદિરમાં પાણી ભરાયા

પર્વત પાટિયા, પર્વત ગામ, ગોડાદરા, પુણા ગામ, પુણા બોમ્બે માર્કેટ, સીમાડા, મહાવીર ચોક, લક્ષ્મણ નગર સહિતના વિસ્તારોમાં જાહેર માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેમાં પર્વતના કુંભેશ્વર મહાદેવ મંદિરમાં પાણી ભરાયા હતા. પાંડેસરા-સચિન રોડ પર ત્રણ ફૂટથી વધુ પાણી ભરાઈ જતાં વાહન વ્યવહાર લગભગ ઠપ્પ થઈ ગયો હતો. અનેક દ્વિચક્રી અને ચાર ચક્રી વાહનો પાણીમાં બંધ પડી જતાં વાહનચાલકોને વાહનો ધક્કા મારીને બહાર કાઢવાની ફરજ પડી હતી. ભારે વાહનો પણ ધીમી ગતિએ પસાર થતાં સમગ્ર વિસ્તારમાં ટ્રાફિક જામ સર્જાયો હતો.

કુંભારીયા, સારોલીની સાથે પોલીસ સ્ટેશન પણ પાણીમાં

યોમાસાની સીઝનમાં બીજી વખત સારોલી ગામમાં ખાડીના પાણી ફરી વળ્યા છે. ખાડી ઓવરફ્લો થવાના કારણે સારોલી પોલીસ સ્ટેશન જવાના રસ્તે 6 થી 7 ફૂટ પાણી ભરાઈ જતાં રસ્તો બંધ કરવાની ફરજ પડી છે. ગામની બહાર જવાનો મુખ્ય રસ્તો, આસપાસની સોસાયટીઓ અને રેસિડેન્સીઓ સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. કુંભારીયા ખાડી ઓવરફ્લો થવાના કારણે આસપાસના સમગ્ર વિસ્તારમાં પૂરના પાણી ફરી વળ્યા છે. ઉપરાંત મહાવીર ચોકથી લક્ષ્મણ નગર જવા સુધીના રસ્તા પર ભારે પાણી ભરાઈ જતાં રસ્તો વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવાયો છે.

પર્વત ગામ અને પર્વત પાટિયા પાણીમાં ગરકાવ થતા બેટ બન્યા

ખાડીના પાણી ફરી વળતાં પર્વત ગામ સંપર્કવિહોણું બનીને બેટમાં ફેરવાઈ ગયું છે.પર્વત ગામથી ગોડાદરા તરફના મુખ્ય માર્ગ પર કમરથી છાતી સુધીના પાણી વહી રહ્યા છે, જેના કારણે અનેક વાહનો બંધ પડી ગયા હતા. આ ઉપરાંત, પર્વત પાટિયા રોડ પર આવેલી શ્રી સરસ્વતી હિન્દી વિદ્યાલયના ગ્રાઉન્ડ અને વર્ગખંડોમાં 3 થી 4 ફૂટ સુધી પાણી ભરાઈ ગયા હતા. શાળા સહિત આસપાસના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે.

ભટાર આઝાદનગર અને વીઆપી રોડ ચોથા દિવસે પાણીમાં

આઝાદ નગર વિસ્તારમાં પણ ખાડીના પાણી ઘૂસી જતાં સ્થાનિક રહીશો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. લોકોના ઘરોની અંદર સુધી પાણી પ્રવેશ કરી ગયા છે, વીઆઈપી રોડ, અલથાણ મેટ્રો મોલ આસપાસ તેમજ અન્ય મુખ્ય માર્ગો પર પણ વરસાદી પાણીનો ભરાવો થયો હતો. અલથાણ મેટ્રો મોલ આસપાસ પણ રસ્તા પર પાણી ભરાતાં ઓફિસ જતાં કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને સ્થાનિક રહેવાસીઓને અવરજવરમાં મુશ્કેલી પડી હતી.

લિંબાયત ઝોન ઓફિસ, યોગીચોક અને માધવબાગમાં પણ પાણી ઘૂસ્યા

લિંબાયત વિસ્તારમાં ખાડીના પાણી આસપાસના વિસ્તારોમાં ફરી વળતા સુરત મનપાની લિંબાયત ઝોન ઓફિસમાં પણ પાણી ઘુસી ગયા હતા જેના કારણે કર્મચારીઓને હાલાકી થઈ હતી. લિંબાયતમાં માધવબાગ સર્કલ અને ગંગા હોટલથી મહારાણા પ્રતાપ રોડ સમગ્ર પાણીમાં ગરકાવ થતા વાહનચાલકો અટવાયા હતા. બુધવારે મોડીરાતથી શરૂ થયેલા દેમાર વરસાદના કારણે વરાછાનો યોગીચોક વિસ્તાર પણ પાણીમાં ગરકાવ થયો હતો.

‘ ખાડીપૂરમાં દર વર્ષે કુંભારીયા કેમ ડૂબે છે? ’

રસ્તા બંધ, ઘરો-દુકાનોમાં પાણી, હજારો લોકો મુશ્કેલીમાં; ‘મત માંગવા આવે, પછી કોઈ જોવા પણ આવતું નથી’, લોકોનો તંત્ર સામે આક્રોશ

સુરત : ખાડીપૂરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાના સરકારી દાવાઓ વચ્ચે કુંભારીયા ગામ ફરી એકવાર પાણીમાં ગરકાવ થઈ ગયું છે. સ્થાનિકોમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે દર વર્ષે એક જ સ્થિતિ સર્જાય છે, છતાં તંત્ર અને શાસકો માત્ર મુલાકાતો અને જાહેરાતો સુધી જ સીમિત રહે છે.

સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે અગાઉના પૂર બાદ સરકારે રાહત પેકેજ જાહેર કર્યું હતું, પરંતુ પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં કોઈ રસ દાખવાયો નથી. પરિણામે માત્ર દસેક દિવસના અંતરે ગામમાં બીજી વખત પાણી ભરાતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકોમાં સૌથી વધુ રોષ રાજકીય આગેવાનો સામે જોવા મળ્યો હતો. ગ્રામજનોના કહેવા મુજબ ચૂંટણી વખતે ખાડીના પ્રશ્નો ઉકેલવાના વાયદા કરવામાં આવે છે, પરંતુ વરસાદ શરૂ થતાં જ કોઈ ચૂંટાયેલો પ્રતિનિધિ ગામની મુલાકાત લેવા પણ આવતો નથી.

ગઈકાલે માત્ર વિધિબેન ઔપચારિક મુલાકાત લઈને ચાલ્યા ગયા. સંસદ સભ્ય, ધારાસભ્ય કે અન્ય કોઈ જવાબદાર નેતા અમારી વચ્ચે આવ્યા જ નથી, એવો આક્ષેપ સ્થાનિકોએ કર્યો હતો. સ્થાનિકોએ સુરત મહાનગરપાલિકા પર પણ ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમના જણાવ્યા મુજબ કુંભારીયા એસએમસીમાં સમાવાયા બાદ સુવિધાઓ વધવાને બદલે મુશ્કેલીઓ વધી છે. પાણીની લાઈનો, ડ્રેનેજ અને રસ્તાના કામોમાં અવ્યવસ્થા સર્જાઈ છે, જ્યારે મેટ્રોના કામ માટે માટીના ઢગલા નાખી પાણીના કુદરતી પ્રવાહમાં પણ અવરોધ ઊભો કરવામાં આવ્યો છે. સરકાર માત્ર 6,800ની સહાય આપીને પોતાની ફરજ પૂરી થઈ ગઈ હોવાનું માને છે. તેમના મતે આ સહાય નુકસાનની સામે મજાક સમાન છે.કુંભારીયાના પાદર ફળિયું, હરિજનવાસ, કોળીવાડ, હળપતિવાડ, પીપળા ફળિયું અને અન્ય નીચાણવાળા વિસ્તારોમાં દર વર્ષે હજારો લોકો પૂરની અસર ભોગવે છે.

જાણે આ વિસ્તારને ડ્રેનેજ પોઇન્ટ બનાવી દેવાયો છે : વૈશાલીબહેન (સ્થાનિક)

વૈશાલી બહેન ખાડીપુર મુદ્દે તંત્ર પર વધુ ગંભીર આક્ષેપ કરતાં કહ્યું કે પરવટ અને કુંભારીયા વિસ્તારને ને જાણે આખા વિસ્તારનું ડ્રેનેજ પોઇન્ટ બનાવી દેવામાં આવ્યું છે. સીમાડા અને આસપાસના વિસ્તારોનું પાણી અહીં વાળવામાં આવતું હોવાથી ગામ દર વખતે ડૂબી જાય છે. “હવે આ પાણી અમારાથી સહન થતું નથી. કાયમી ઉકેલ લાવો, નહીં તો લોકો આંદોલન કરશે, એમ તેમણે ચેતવણી આપી હતી.

પહેલા બે-પાંચ વરસે પાણી આવતું હવે દર વરસે આવે છે : ગોવિંદ પટેલ (સ્થાનિક)

રમેશભાઇ પટેલે જણાવ્યું હતું કે પહેલાં બે-પાંચ વર્ષે એકવાર પાણી ભરાતું હતું, પરંતુ છેલ્લા ચાર વર્ષથી દર ચોમાસે ગામમાં પૂર આવે છે. માત્ર દસ દિવસ પહેલાં ગામમાં સાત ફૂટ પાણી ભરાયા હતા અને હવે માત્ર ચાર કલાકના વરસાદમાં ફરી ગામ પાણીમાં ગરકાવ થઈ ગયું છે. ખાડી કિનારે થયેલા ગેરકાયદે દબાણો અને પુરાણના કારણે પાણીનો નિકાલ બંધ થઈ ગયો છે.

6800ની સહાય લાખોના નુકસાન સામે મજાકરૂપ છે : દિનેશભાઇ

સ્થાનિક દિનેશભાઈના જણાવ્યા મુજબ કુંભારીયા એસએમસીમાં સમાવાયા બાદ સુવિધાઓ વધવાને બદલે મુશ્કેલીઓ વધી છે. મેટ્રોના કામ માટે માટીના ઢગલા નાખી પાણીના કુદરતી પ્રવાહમાં પણ અવરોધ ઊભો કરવામાં આવ્યો છે.ગામલોકોએ જણાવ્યું હતું કે દર વર્ષે લાખો રૂપિયાનું નુકસાન થાય છે. છતાં સરકાર માત્ર રૂ. 6,800ની સહાય આપે છે. જે સહાય નુકસાનની સામે મજાક સમાન છે.

GPCBની રાત્રિ મોનિટરિંગ ટીમ તૈનાત, 4 CETP બંધ કરાવાયા

ભારે વરસાદની આગાહીને પગલે તાત્કાલિક સમીક્ષા બેઠક, અનેક ઔદ્યોગિક એકમો બંધ રાખાયા

સુરતઃ સુરત અને દક્ષિણ ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવતા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા બુધવારે રાત્રે 9:30 વાગ્યે તાત્કાલિક વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા બેઠક યોજાઈ હતી. વરસાદી સ્થિતિ દરમિયાન કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને અને ઔદ્યોગિક વિસ્તારોમાં સતત નજર રાખી શકાય તે માટે વિશેષ મોનિટરિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જીપીસીબીએ ત્રણ જેટલી જીઆઈડીસીમાં ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ કરવા સૂચના આપી હતી. બેઠકમાં અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે રાત્રિ દરમિયાન ટેલિફોનિક માહિતી મેળવતા રહેવાની સાથે ‘નાઇટ મોનિટરિંગ ટીમ’ સાથે સતત સંકલનમાં રહી જરૂરી જણાય ત્યાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે. વિવિધ ઔદ્યોગિક વિસ્તારો માટે અધિકારીઓને વિસ્તારવાર જવાબદારી પણ સોંપવામાં આવી હતી. દિવસ દરમિયાન અલગ-અલગ વિસ્તારોમાં કુલ ચાર ટીમો દ્વારા સઘન દેખરેખ રાખવામાં આવી હતી. ઉપરાંત, રાત્રિ દરમિયાન પણ એક વિશેષ ટીમ દ્વારા સતત મોનિટરિંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને પાંડેસરા સ્થિત CETP, પલસાણાના બે CETP તેમજ કડોદરાના એક CETPને કામકાજ બંધ રાખવા સૂચના આપવામાં આવી હતી.

મીઠી ખાડીમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

સુરત : ખાડીને કારણે સુરતનો મગોબ વિસ્તાર સૌથી વધુ આફતગ્રસ્ત બન્યો છે, જ્યાં માર્ગો પર આશરે ચારથી પાંચ ફૂટ જેટલાં પૂરના પાણી ફરી વળ્યાં છે. વરસાદી પાણીનો ઝડપી નિકાલ ન થતાં અને નજીકની ખાડીઓના બેક વોટર મારવાના કારણે મગોબમાં ચારેય તરફ જળબંબાકારની સ્થિતિ છે, જેનાથી સ્થાનિક જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને લોકો ઘરોમાં કેદ થવા મજબૂર બન્યા હતા દરમિયાના અહી લોકોને મદદ કરવા અને રેસ્ક્યુ માટે બોટ મૂકાઈ હતી તો બપોરે મીઠી ખાડીમાંથી યુવકનો મૃતદેહ મળી આવતા શોકનો માહોલ છવાયો હતો.

કાપડ માર્કેટો આજે ચાલુ રાખવી કે બંધ? સ્થિતિ જોઈ નિર્ણય લેવાશે

ફોસ્ટાના પ્રમુખ હંસરાજ જૈન અને મહામંત્રી દિનેશ કટારિયાની અપીલને પગલે સુરતની કાપડ માર્કેટ્સ દ્વારા આજે બંધ પાળવામાં આવ્યો હતો. આવતીકાલે સવારે વરસાદની પરિસ્થિતિ મુજબ દુકાનો ચાલુ રાખવી કે બંધ રાખવી એનો નિર્ણય લેવામાં આવશે. ફોસ્ટા એ અપીલ કરી હતી કે, માર્કેટોના બેઝમેન્ટ અથવા પરિસરમાં વરસાદી પાણી ભરાવાની સંભાવના હોય ત્યાં સમયસર જરૂરી સુરક્ષા અને બચાવની વ્યવસ્થા કરવામાં આવે. જો કોઈ કારણસર પાણી ભરાય તો પાણીના નિકાલની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે. વેપારીઓને પોતાના માર્કેટના પ્રમુખ, સચિવ, મેનેજર તથા આસપાસના વેપારીઓના મોબાઇલ નંબર હંમેશા ઉપલબ્ધ રાખવા સૂચના આપવામાં આવી છે જેથી કોઈ પણ આપત્તિજનક સ્થિતિમાં તરત સંપર્ક સાધી શકાય અને જરૂરી મદદ મળી રહે. ફોસ્ટાએ તમામ માર્કેટોમાં જનરેટર સેટની સમયસર તપાસ અને ચકાસણી કરી તેને કાર્યક્ષમ હાલતમાં રાખવા પણ જણાવાયું છે, જેથી વીજ પુરવઠામાં ખલેલ પડે તો તેનો ઉપયોગ કરી શકાય. કોઈ પણ વેપારી પોતાની બાઇક, કાર અથવા પાર્સલ બેઝમેન્ટમાં ન રાખે. ટેમ્પો ચાલકોને પણ પાર્સલથી ભરેલા વાહનો બેઝમેન્ટમાં પાર્ક ન કરવા સૂચના આપવામાં આવી છે.

સુરતમાં ઝાડ પડવાના 13 કોલ નોંધાયા

ગુરૂવારે સવારથી શહેરમાં પવન સાથે વરસાદ આવતા વિવિધ વિસ્તારોમાં ઝાડ પડવાના બનાવો બન્યા હતા. જેમાં કંટ્રોલ રૂમમાં ઝાડ પડવાના કુલ 13 કોલ નોંધાયા હતા. જેથી ફાયર વિભાગની ટીમ સતત દોડતી રહી હતી અને ઝાડ હટાવવાની કામગીરી કરી હતી.

સુરતના કયા કયા રસ્તાઓ પર પાણી ભરાયા?

- » વ્રજ ચોકઃ પાણી ભરાવાથી રસ્તો બંધ છે
- » કેપિટલ સ્ક્વેરઃ પાણી ભરાવાથી રસ્તો બંધ છે
- » વાલક પાટીયાથી અતુલ્ય ચોકડીઃ પાણી ભરાવાથી રસ્તો બંધ છે
- » કાંગારૂ સર્કલથી કડોદરા લેન્ડમાર્ક તરફનો રોડઃ આઈ માતા બ્રિજ ચઢતાં પર્વત પાટીયા કંગારૂ સર્કલ તરફ તેમજ લેન્ડમાર્ક તરફનો રસ્તો બેરિકેટિંગ કરીને સંપૂર્ણ બંધ કરાયો છે
- » બાફના કટ થી VNSGU તરફ જતો રોડઃ સાંજે 7.00 વાગ્યાની સ્થિતિએ રસ્તો બંધ છે
- » શ્યામ મંદિરથી અલથાણ તરફ જતો રોડઃ સાંજે 7.00 વાગ્યાની સ્થિતિએ રસ્તો બંધ છે
- » વેણીનાથ ગરનાળુંઃ પાણી ભરાવાથી રસ્તો બંધ છે
- » ડુંભાલ પાસે
- » ઉધના અરિહંત કોમ્પલેક્ષ
- » ઉધના ભીમનગર ગરનાળા
- » રઘુકુળ રેલ્વે ગરનાળા (બંને સાઈડના ગરનાળામાં)
- » ડીજીવીસીએલથી મહાવીર કોલેજ
- » બાટલી બોય થી ભેસ્તાન જતા વચ્ચે નવીન ફ્લોરિન આગળ
- » સ્વામિનારાયણ ચોક થી બોટનિકલ ગાર્ડન સર્કલ સુધી
- » કોઝવે સર્કલ
- » આર.જે.ડી. ત્રણ રસ્તા (હજીરા રોડ)
- » વેણીનાથ ગરનાળું